## ધી પ્રોપ્રાયટરી હાઇસ્કુલ ટ્રસ્ટ સંચાલિત

## દીવાન બલ્લુભાઇ માધ્યમિકશાળા કાંકરિયા અમદાવાદ.વર્ષ ૨૦૦૮-૨૦૦૯

### સહઅભ્યાસ તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ

(૧) આપણી શાળાનાં શૈક્ષણિક કાર્યની શરૂઆત રોજ પ્રાર્થનાથી જ થાય છે. જેમા શાળાનાં વિદ્યાર્થીઓ લયબધ્ધ રીતે સરસ્વતી દેવીની આરાધના કરે છે. અને મહાપૂરૂષોના જન્મદિન નિમિત્તે વક્તવ્યો રજૂઆત કરવામાં આવે છે. અને અઠવાડિયામાં એક વખત સમૂહ પ્રાર્થનાનો કાર્યક્રમ પ્રાર્થના ખંડમાં રાખવામાં આવે છે. તેમાં વકૃત્વસ્પર્ધા, ભજન સ્પર્ધા, દેશભકિતગીત વિગેરેની હરિફાઇ રાખવામાં આવે છે. અને દર મંગળવારે અલગ અલગ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે અને જુદા - જુદા શિક્ષકો પ્રેરક પ્રવચનો આપે છે.

(૨) પ્રથમ, દ્વિતીય કસોટીનાં અંતે શાળાનાં દરેક વર્ગનાં પ્રથમ પાંચનંબરો પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને વધુ ઊંચી સદ્ધિ મેળવવા માટે માર્ગદર્શન આપવા સાથે તેઓને પ્રોત્સાહક ઇનામો આપવામાં આવ્યા.

(૩) બુલેટીન બોર્ડ તેમજ શ્યામ ફલક પર શાળાનાં શિક્ષકોનાં માર્ગદર્શન નીચે વિધાર્થીઓના સામાન્ય જ્ઞાન માં વધારો થાય તેવી કોમ્પ્યુટર ડેટા આધારીત માહિતી વિધાર્થીઓ દ્વારા બોર્ડ પર મુકવામાં આવેછે.

(૪) વર્ષ દરમ્યાન શાળા પરિવાર અને વાલી મંડળ, પૂર્વ વિધાર્થીઓ નાં સહયોગથી રકતદાન કેમ્પનુ આયોજન કરી ૫૦૦ બોટલથી વધુ રકત રેડક્રોસ સોસાયટીને પહોંચાડયુ.

(૫) ધોરણ ૮ થી ૧૨ નાં મેધાવી વિધાર્થીઓ તેમજ બોર્ડમાં અને કેન્દ્રમાં સિધ્ધિ મેળવનાર વિધાર્થીઓને ઇનામવિતરણ કાર્યક્રમમાં મુખ્યમહેમાન માધ્યમિક શિક્ષણબોર્ડનાં સચિવશ્રી વ્યાસસાહેબ તેમજ શાળાનાં આદરણીય ચેરમેન શ્રી દીવાન સાહેબ દ્વારા ઇનામ, શિલ્ડ અને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કર્યા.

(૬) તા:૧૨/૮/૦૭ ના રોજ શતાબ્દી વર્ષ નિમિતે શાળામાં વિજ્ઞાન મેળાનું આયોજન ગુજરાતનાં પનોતા પુત્ર ડૉ. વિક્રમ સારાભાઇ નાં જન્મદિને પૂર્વ વિધાર્થીઓનાં સહયોગથી અમદાવાદ શહેરની શાળાઓ માટે યોજેલ વિજ્ઞાન મેળામાં ૮૪ શાળાઓ એ ભાગ લીધો હતો આ વિજ્ઞાન મેળાનાં ઉધ્ધાટન પ્રસંગે શાળાનાં આદરણીય ચેરમેન શ્રી દીવાન સાહેબ, ઇસરોના વૈજ્ઞાનિકો ડૉ.કિરણકુમાર, ડૉ.મંજુલ, પૂર્વ આચાર્ય શ્રી રસિકભાઇ મહેતા તેમજ ટ્રસ્ટીગણ અને જીલ્લા શિક્ષણાધિકારી ઉપસ્થિત રહ્યા હતા આ વિજ્ઞાન મેળામાં નિર્ણાયક તરીકે ડૉ પરેશભાઇ શાહ,શ્રી કલ્પેશ પંડયા તેમજ પ્રોફેસર નિમેશભાઇ શાહે સહયોગ આપેલ હતો.અને શાળાની કૃતિઓ અને કવીઝ કાર્યક્રમને બીરદાવેલ આ વિજ્ઞાનમેળાને વિધાર્થીઓ તેમજ વાલીઓએ કુતુહલ સાથે માણ્યો અને અનુભવ્યો હતો.

(૭) તા. ૧૫/૮/૨૦૦૭ નાં રોજ શાળાનાં પટાગણમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી તેમાં મુખ્યમહેમાન પૂર્વ વિધાર્થી સુનીલભાઇ પરીખ તેમજ શાળાનો મેધાવી વિધાર્થી સોનેજી સોહમે ધ્વજવંદન કાર્યક્રમના અતિથિ તરીકે ઉપસ્થિત રહી પ્રેરક ઉદ્‌બોધન કર્યુ.

(૮) તા.૨૭/૮/૦૭ નાં રોજ શાળામાં બાલ ઉર્જા રક્ષક દળે કરેલ રક્ષાબંધન પર્વની વિશિષ્ટ ઉજવણીમાં વિધાર્થીઓએ વૃક્ષોને રાખડી બાંધી તેમનું જતન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

(૯) તા. ૩૦/૮/૦૭ નાં રોજ શાળાનાં ધો.૧૧ અને ૧૨નાં વિધાર્થીઓએ શૈક્ષણિક વન ડે પીકનીક ધ્વારા સુંદરવન, સાયન્સ સીટી અને ઇસરો ની મુલાકાત લીધી હતી.

(૧૦) લો ગાર્ડન અમદાવાદ ખાતે તા.૧૪/૮/૦૭ થી ૨૩/૮/૦૭ દરમ્યાન યોજાયેલ N.C.C. કેમ્પમાં શાળાનાં ૪૩ N.C.C. કેડેટો હેડક્વાટ્રર કેમ્પમાં હાજર રહયા હતા.

(૧૧) ૧૨/૯/૦૭ નાં રોજ ઈકો કલબ દ્વારા પર્યાવરણ અને ઉર્જાનીક્વીઝ નું આયોજન શાળામાં કરેલ હતું તેમા વિધાર્થીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.

(૧૨) તા. ૯/૧૦/૦૭ થી તા. ૧૮/૧૦/૦૭ નાં RDC કેમ્પમાં ( N.C.C.) શાળા ના બે વિધાર્થીઓ પસંદગી પામ્યા હતા.

(૧૩) તાઃ-૧૬/૧૦/૦૭ ના રોજ શાળાના પટાંગણમાં રસોત્સવ, ઉજવીને ધોરણઃ-૮ થી ૧૨ ના વિધાર્થીઓએ ભાગ લીધેલ અને વિધાર્થીઓને ઇનામો આપી પ્રોત્સાહિત કર્યા.

(૧૪) તાઃ-૧૭/૭/૦૭ ના રોજ શાળાના હોલમાં આર્ટ ઓફ લિવિંગ તરફથી ગરિબી, ભૂખમરો, પર્યાવરણ અને સ્ત્રી ભૃણ હત્યા સમાનતાના મૂલ્યોને ધ્યાનમાં રાખી શ્રી મીનાબેન ત્રિવેદી એ ધોઃ- ૮ થી ૧૨ ના વિધાર્થીઓને પ્રેરક પ્રવચન આપ્યુ.

(૧૫) તાઃ-૨૨/૯/૦૭ ના રોજ રાજસ્થાન હિન્દી હાઇસ્કૂલમાં સુનીતા વિલિયમ સાથે શાળાના વિધાર્થીઓ અને શિક્ષકોએ મૂલાકાત અને પ્રશ્નોતરી કરી.

(૧૬) તાઃ-૨૩,૨૪/૧૦/૦૭ ના રોજ અમદાવાદ શહેર કક્ષાનો વિજ્ઞાન મેળામાં શાળાનાં વિધાર્થીઓએ ભાગ લીધેલ હતો.

(૧૭) તાઃ-૧/૧૧/૦૭ ના રોજ શાળાના ટેકનિકલ ના વિધાર્થીઓએ ઈન્ડ્રસ્ટ્રીયલ વિઝિટ, સરદાર સરોવર હાઈડ્રોપાવર સ્ટેશન વણાકબોરીની મૂલાકાત લીધી હતી.

(૧૮) તાઃ-૨૫/૧૧/૦૭ ના રોજ ટાગોર હોલ પાલડી, મૂકામે ધી પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ ટ્રસ્ટ ધ્વારા શતાબ્દિ વર્ષ નિમિત્તે શૈક્ષણિક પરિસંવાદ યોજાયો જેમાં વિષય નિષ્ણાંતો પ્રો. એન. વી. વસાણી ( વાઇસ ચાન્સેલર ) નિરમા યુનિ. પ્રો.અનિલ ગુપ્તા ( I.I.M. પ્રાધ્યાપક ) ડૉ.ચંદ્રકાન્ત મહેતા, પૂર્વ. ઉપ કુલપતિ ગુજરાત યુનિવર્સિટી તેમજ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ટ્રસ્ટના ચેરમેન શ્રી બી.જે.દીવાન સાહેબ હતા.

(૧૯) તાઃ-૧૪/૧૨/૦૭ ના રોજ બાલ ઉર્જા રક્ષક દ્વારા વકતૃત્વ સ્પાર્ધા , ચિત્ર સ્પર્ધા , અને જન જાગૃતિ રેલીનું આયોજન કરી વિધાર્થીઓને ઇનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા.

(૨૦) તાઃ૧૪/૧૨/૦૭ ના રોજ જન જાગૃતિ અભિયાન રેલી શાળાના N.S S વિધાર્થીઓ દ્રારા કાઢવામાં આવી હતી.

(૨૧) તાઃ- ૪/૧/૦૮ થી તાઃ-૬/૧ /૦૮ ના રોજ શાળાના ૧૦૦ વર્ષ પૂરા થયા તે નિમિત્તે શત્તાબ્દી સમાપન કાર્યક્રમમાં મૂખ્ય મહેમાન ડૉ. બકુલભાઇ ધોળકિયા અને સાહિત્યકાર શ્રી કુમારપાળ દેસાઇ તેમજ શાળાના આદરણીય ચેરમેન શ્રી બી.જે.દીવાન સાહેબ હતા.

(૨૨) તાઃ-૨૧/૧/૦૭ ના રોજ શાળાના L.R.C. રૂમમાં શહેર કક્ષાની ગુજકોસ્ટ સાયન્સ કવીઝ રાખેલ તેમાં અમદાવાદની ૫૨ ( બાવન ) શાળા ઓએ ભાગ લીધેલ હતો.

(૨૩) તાઃ-૨૬,૨૭ / ૧૨ / ૦૭ ના રોજ રાજ્ય કક્ષાનો યુવા ઉત્સવમાં ભાગ લેવા માટે ગયા.

(૨૪) તાઃ-૩૦/૧૨/૦૭ ના રોજ શાળાના સ્વ.ટ્રસ્ટ્રી શ્રી પ્રો.પ્રફુલભાઇ ઠાકોરના અવસાન નિમિત્તે યોજેલ રકત્ત દાન કેમ્પનું ઉદ્દ્ઘાટન પૂર્વ.વિધાર્થી શ્રી આસિતભાઇ વોરાએ કર્યુ તેમજ ટ્રસ્ટી મંડળના વિચારોને અનુરૂપ શાળાના શિક્ષણમાં આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી ગુણવત્તા સભર શિક્ષણ મળે તે માટે પૂર્વ વિધાર્થીઓના સહયોગથી તૈયાર કરવામાં આવેલ L.R.C. રૂમનું ઉદ્દ્ઘાટન ટ્રસ્ટના ચેરમેન શ્રી બી.જે.દીવાન સાહેબે કર્યુ.

(૨૫) તાઃ-૧૧/૧/૦૮ થી તાઃ-૨૦/૧/૦૮ માં શાળાનાં શિક્ષકશ્રી તેમજ N.C.C. ઓફિસર (A.N.O.) શ્રી ગોલત્તર દશરથભાઇ N.C.C. હેડકવાર્ટર લો ગાર્ડન અમદાવાદ મૂકામે તાલીમ આપવામાં સહભાગી બન્યા.

(૨૬) તાઃ-૧૮/૧/૦૮ ના રોજ શાળાના L.R.C. રૂમમાં ( N.I.F.T.) ક્લબ દ્વારા સંશોધનને પ્રોત્સાહન આપતી સૃષ્ટિ સંસ્થાના શ્રી રાજનભાઇ દ્વારા ધોરણઃ- ૮, ૯, અને ૧૧ નાં વિઘાર્થીઓને સમજણ આપી.

(૨૭) તાઃ-૨૬/૧/૦૮ ના રોજ શાળાના પટાંગણમાં પ્રજાસત્તાકદિનની શાનદાર ઉજવણી કરી હતી.જેમા મુખ્ય મહેમાન ડૉ. આર.એસ. પટેલ (રીડર ગુજરાત યુનિવર્સિટી) ઉપસ્થિત રહી પ્રેરક ઉદ્દ્બોધન કર્યુ.

(૨૮) તાઃ-૨/૨/૦૮ ના રોજ શાળાના L.R.C. રૂમમાં ધોરણઃ- ૧૧ અને ૧૨ ના વિઘાર્થીઓ માટે ભાવી કારકિર્દી માર્ગદર્શન માટે વિડિયો કોન્ફરન્સ રાખી જેમાં અમેરિકા સ્થિત શાળાના પૂર્વ વિઘાર્થી સાથે ચર્ચા કરવામાં આવી હતી.

(૨૯) તાઃ-૧૯/૨/૦૮ ના રોજ N.S S દ્વારા એઇડઝ એવરનેસ જાગૃતિ ધોઃ-૧૧ અને ૧૨ ના વિઘાર્થીઓને આપી હતી.

(૩૦) તાઃ-૨૧/૨/૦૮ ના રોજ ધોરણઃ-૧૨ નો વિદાય સમારંભ રાખેલ હતો. શાળાના આદરણીય ચેરમેન શ્રી બી.જે.દીવાન સાહેબ તેમજ મુખ્ય મહેમાનશ્રી વિવેકપ્રિય સ્વામીએ પ્રેરક પ્રવચન સાથે આશીર્વચન આપ્યા હતા.

(૩૧) તાઃ-૨૯/૨/૦૮ થી ........ દરમ્યાન પૂર્વ વિઘાર્થીઓ અને N.S S યુનિટના , સહયોગથી કોઠ અને ગણપત પૂરા કેમ્પ રાખેલ હતો તેમાં યુનિફોર્મ વિતરણ, ગ્રામ જાગૃતિ રેલી , ગ્રામ સફાઇ,પ્રભાત ફેરી , સાંસ્કૃતિક કાર્યક્રમ અંધ્ધશ્રધ્ધા ઉપરના કાર્યક્રમ, સર્વરોગ નિદાન કેમ્પ,કેન્સર વ્યસન મુકિતની જાગૃતિ પ્રદર્શન જેવા કાર્યક્રમ શાળાના વિઘાર્થીઓએ યોજેલ આ કાર્યક્રમાં કેન્સર હોસ્પિટલના ડાયરેકટર ડૉ.પંકજ શાહ , જીલ્લા શિક્ષણાધિકારી તથા ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહયા.

(૩૨) તાઃ-૭/૯/૦૭ ના રોજ મણિનગર વોર્ડ રોટરી કલબ દ્વારા આયોજીત વકૃત્તત્વ સ્પર્ધામાં ''મારા જીવનનું લક્ષ'' તે વિષય પર વકૃત્તત્વ આપીને શાળાનો વિઘાર્થી પટવર્ધન રૂચા પ્રદિપકુમાર ધોરણઃ-૮ ડી નો તૃતિય નંબર મેળવેલ હતો.

(૩૩) નારાયણ ગુરૂવિઘાલય દ્વારા કે. કે. વિશ્વનાથન મેમોરીયલ નિબંધ સ્પર્ધામાં, શાળાની વિજેતા વિઘાર્થીની પરમાર વૈશાલી અમૃત્તભાઇ ધોઃ૧૧ સી ને રૂપિયાઃ ૩૦૧ / - રોકડા.અને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા.

(૩૪) તાઃ૮/૧૦/ ૦૭ ના રોજ કન્યા વિઘાલય મણિનગરમાં જીલ્લા રમત - ગમત સાંસ્કૃતિક યુવક સેવા પ્રવૃતિ વિભાગ દ્વારા મણિનગર વોર્ડમાં શાળાના વિઘાર્થીઓએ નીચે મુજબની સિધ્ધિઓ મેળવી.

- ભરત નાટ્યમ - પ્રથમ ખત્રી આકાંક્ષા વિજયભાઇ ધોઃ-૧૨- બી
- સમૂહ ગીત - પ્રથમ ધોઃ૧૧ , ૧૨ ની વિઘાર્થીની
- તબલા વાદન - પ્રથમ દવે પુનિત મનોજકુમાર ધોઃ૧૧- સી
- ભજન - બીજો ખત્રી આકાંક્ષા વિજયભાઇ ધોઃ-૧૨ - બી
- લોક ગીત - બીજો ભટ્ટ હિમાલી ધનજંય ભાઇ ધોઃ- ૧૨ - સી
- ચિત્ર - પ્રથમ ગજ્જર નિધી કેતનભાઇ ધોઃ ૧૦

(૩૫) યુવા સાંસ્કૃતિક પ્રોગ્રામ દ્વારા મણિનગર વોર્ડમાં ૧૦૦ મીટર દોડમાં પ્રથમ જહાં ચાર્વી કે. ૧૨-ડી અને બીજો નંબર પટેલ પ્રિતી આર. ૧૨-ડી આવેલ હતી.

(૩૬) તાઃ-૧૭/૧૦/૦૭ ના રોજ

- ગોળા ફેકમાં - પ્રથમ ચૌહાણ ધ્રુવ એસ. ધોઃ-૧૧ -સી
- ચક્ર ફેકમાં - પ્રથમ ચૌહાણ ધ્રુવ એસ. ધોઃ-૧૧ -સી
- ઉચી કૂદમાં - બીજો પાસાવાલા જય વી. ધોઃ-૧૧ -સી આવેલ હતા

(૩૭) તા. ૭/૧૦/૦૭ નાં રોજ S.V.S. કક્ષાનો વિજ્ઞાન મેળો અંજુમને ઈસ્લામ સ્કૂલે યોજવામાં આવેલ તેમા શાળાનાં ધો.૧૧ અને ૧૨નાં વિભાગમાં વિભાગ-૨ માં પરકોટીંગ વેલ શ્રેષ્ઠકૃત્તિ.

(૧) રાજગુરૂ ઋણાવ ૧૧-બી
(૨) ખત્રી ઋષિલ ૧૧-બી

<u>વિભાગ - ૪ ગ્લોબલ વોમિંગ</u>

(૧) રાજપુત જીનલ એન. ૧૧-એ
(૨) ઠાકર પ્રિયલ જે. ૧૧-એ શ્રેષ્ઠ કૃતિઓ તરીકે પસંદગી પામેલ હતી.

(૩૮) તા.૩૧/૧૦/૦૭ના રોજ સરદાર વલ્લભભાઇ જયંતિ નિમિતે શહેર કક્ષાની યોજાયેલ વકૃત્તત્વસ્પૅધામા શાળાની ધો.૧૧-ડી ની ઠક્કર દીપીકા અમૃત્તભાઇ એ પ્રથમ નંબર મેળવી શાળાને ગૌરવ અપાવ્યુ હતું.

(૩૯) તા. ૨૫/૧/૦૮ નાં રોજ આકાશવાણી દૂરદર્શનમાં બાળકલાકાર પ્રોગ્રામમાં આપણી શાળાની કુ.મૌલિ ભાવિનકુમાર શુકલ તેમજ દેવાશ્રયી દેવાશિષ ની પસંદગી પામી હતી.

(૪૦) તા.૨૧/૧/૦૮ નાં રોજ રાષ્ટ્ર કક્ષાની IAPT દ્વારા આયોજીત નેશનલ ઓલમ્પિયાડ પરીક્ષામાં શાળાનાં બે વિધાર્થીઓ સોનેજી સોહમ રાજેશભાઇ તથા માલવીયા વિરલ કમલેશભાઇ ટોપ ટેન માં પસંદગી પામ્યા હતા.

(૪૧) રમત ગમત અધિકારીશ્રી દ્વારા આયોજીત જીલાકક્ષાની કુસ્તી સ્પર્ધામા ચૌહાણ ધ્રુવ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.

(૪૨) તા.૨૪/૧૦/૦૭ નાં જીલ્લા રમત ગમત વિભાગ દ્વારા જીલ્લા કક્ષાએ
ગોળાફેંક - પ્રથમ ચૌહાણ ધ્રુવ એસ. ૧૧ -સી
ચક્રફેંક - પ્રથમ ચૌહાણ ધ્રુવ એસ. ૧૧ -સી એ પ્રથમ નંબર મેળવેલ છે.

(૪૩) તા.૧/૧૧/૦૭ નાં રોજ અમદાવાદ જીલ્લાનો યુવાઉત્સવમાં સમૂહગીત સ્પૅધામાં તૃતિય નંબર અને ભારત નાટ્યમમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. ખત્રી આકાંક્ષા ૧૨ -બી

(૪૪) તા.૨૪/૧૨ અને ૨૫/૧૨/૦૭ નાં રોજ ગુજરાત સરકાર દ્વારા રાજ્ય કક્ષા ખાતે ગોળાફેંકમાં ચૌહાણ ધ્રુવ એસ.નો બીજોનંબર પ્રાપ્ત થયેલ છે.

(૪૫) તા.૨૫/૧૨/૦૭ નાં રોજ અમદાવાદ શહેર કક્ષાનો યુવા સાંસ્કૃતિક પ્રોગ્રામ દ્વારા ભરતનાટ્યમમાં બીજોનંબર મેળવીને ખત્રી આકાંક્ષા ૧૨-બી એ શાળાનું ગૌરવ વધારેલ છે.

(૪૬) તા.૨૪/૧/૦૮ ના રોજ બાલ ઉર્જા રક્ષક દળ દ્વારા ઉર્જાઉત્સવ સરસ્વતિ હાઇસ્કૂલ સરસપુર મુકામે ઉર્જા રક્ષક દળની પ્રવૃત્તિમાં જીલ્લા કક્ષાએ બીજો નંબર પ્રાપ્ત કરતાં મોમેન્ટો અને રૂા.૧૨૦૦-૦૦ના ઈનામો મળ્યા.

(૪૭) સ્પોર્ટ ઓથોરીટી ઓફ જીલ્લા રમત ગમત અધિકારી દ્વારા ધ્વારા આયોજીત રાજ્યકક્ષાની કબડ્ડી સ્પૅધામાં નિકુંજ દેવેન્દ્રભાઇ ચાવડા ધો.૮ પ્રથમ નંબર મેળવીને શીલ્ડ અને પ્રથમ નંબર મેળવીને શીલ્ડ અને પ્રમાણપત્ર મેળવીને શાળાને ગૌરવ અપાવ્યું છે.

(૪૮) શાળાનું છેલ્લા પાંચ વર્ષનું બોર્ડનું પરિણામ

| વર્ષ | શાળાનું પરિણામ | | | વિશિષ્ટ સિધ્ધી મેળવનાર વિધાર્થીઓ બોર્ડમાં / શહેરમાં | |
|---|---|---|---|---|---|
| | S.S.C | H.S.C | | | |
| | | વિજ્ઞાન પ્રવાહ | સામાન્ય પ્રવાહ | S.S.C | H.S.C |
| ૨૦૦૩ | ૯૫.૬૦ | ૯૦.૦૯ | ૯૧.૫૨ | શાહ અવની પી. ૯૪.૫૭ %<br>અમ.-૫ મો | |
| ૨૦૦૪ | ૧૦૦ | ૯૮.૪૪ | ૯૪.૬૯ | શાહ પ્રિયાંક અમ. પ્રથમ<br>૯૪.૪૨ % | |
| ૨૦૦૫ | ૯૬.૫૬ | ૯૬.૯૦ | ૯૮.૨૫ | ટીલ્વાવાળા ખુશાલી આર.<br>૯૪.૫૭ %<br>બોર્ડમાં-૫મો, અમ.બીજો | |
| ૨૦૦૬ | ૯૭.૮૩ | ૧૦૦.૦૦ | ૯૯.૧૮ | પટેલ હેપ્પી ડી. ૯૬. ૨૯ %<br>બોર્ડમાં-૫મો, અમ.બીજો<br>અમીન ધ્રુવ વી.<br>૯૫.૨૯ % અમ. ૮ મો<br>રાવલ ઉપાસના<br>૯૫.૨૯ % અમ. ૮ મો<br>પટેલ વિરાજ કે.<br>૯૪.૮૬ % અમ. ૧૦ મો | વિજ્ઞાન પ્રવાહ<br>શાહ પ્રિયાંક મુકેશભાઇ ૯૪ .૬૦<br>અમદાવાદ. - ૪ મો<br>બોર્ડમાં - ૬ મો, |
| ૨૦૦૭ | ૯૯.૬૨ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | સોનેજી સોહમ આર.<br>૯૪.૭૭ %<br>બોર્ડમાં અને અમ.માં-૪થો<br>દશપુત્રે અનુંજા એમ.<br>૯૪.૩૧ %<br>બોર્ડમાં અને અમ.ં -૭મો<br>શાહ ધ્વની એ. ૯૩.૮૫ %<br>બોર્ડમાં ૧૦ મો ,અમ.-૯ મો | વિજ્ઞાન પ્રવાહ<br>શાહ કરણ પંકજભાઇ ૯૧.૪૦<br>અમદાવાદમાં - ૧૦ મો,<br><br>શાહ પ્રતિક ઉમેશભાઇ ૯૪.૪૦<br>અમદાવાદમાં - ૧૦ મો, |

School Matrix Grade :- Aa1

E-mail:-dbmshala_kankaria@hotmail.com